## ‘સેવા’નું સ્વરાજદર્શન

સ્વતંત્ર ભારતમાં કરોડો શ્રમિકોને હજુ પૂરું સ્વરાજ ભોગવવા મળ્યું નથી. પૂરું સ્વરાજ એટલે પૂર્ણ સ્વાવલંબન.

પૂર્ણ સ્વાવલંબન એટલે આર્થિક અને વૈચારિક સ્વાવલંબન. પૂર્ણ રોજગાર વિના એ શક્ય નથી.

પૂર્ણ રોજગાર એટલે દરેક પરિવારને ખોરાક, પાણી, કપડાં અને રહેઠાણની સલામતિ, એને મળતી કમાણીમાંથી એ આ મેળવી શકે. અને આરોગ્યસેવા, બાલસેવા, વીમો, અને પેન્શન દ્વારા સામાજિક સલામતિ મળે. ‘સેવા’ પૂર્ણ રોજગાર માટે અવિરત પ્રયત્નશીલ રહેશે.

‘સેવા’ની સભ્ય બહેનો સંગઠન, અહિંસક સંઘર્ષ અને રચનાત્મક કાર્યો દ્વારા સ્વમાનભેર પૂર્ણ રોજગાર મેળવશે. પૂર્ણ રોજગારનો આ કાર્યક્રમ ‘સેવા’નો મુખ્ય કાર્યક્રમ રહેશે.

સેવા સંગઠનના પાયાના મૂલ્યોમાં સચ્ચાઈ, કોમી એકતા, ન્યાય અને સાદગી રહેશે.

શ્રમિક બહેનોનાં યુનિયન અને સહકારી સંસ્થાઓ ઊભી કરવી એ ‘સેવા’ ની રણનીતિ રહેશે. એ માર્ગે એ સ્વાવલંબન તરફ આગળ ધપશે.

આમ સંગઠિત અવાજ ઊઠશે અને શ્રમિક બહેનોનું યોગદાન રાષ્ટ્રીય આવકમાં સ્પષ્ટ રીતે નોંધાશે.

અર્થાત્ પૂર્ણ સ્વરાજ મેળવવાના પથ પર દેશનું નેતૃત્વ શ્રમિક બહેનો લેશે.

‘સેવા’નું આ દર્શન હશે જેમાં અમને અડગ શ્રદ્ધા રહેશે.

***